# મનોવૈજ્ઞાનિક યુદ્ધઃ એક ખતરનાક શસ્ત્ર

યુદ્ધમાં વિજય મેળવવા અંગે એક પ્રચલિત ઉક્તિ છે કે યુદ્ધ મેદાનમાં યુદ્ધ જીતાય તે પહેલાં એ યુદ્ધ એક સૈનિકના મનમાં જીતાતું હોય છે. ભગવાન કૃષ્ણ પણ ગીતામાં આ જ કહે છે ને કેમાણસે સૌથી પહેલું યુદ્ધ પોતાની જાત સામે જ જીતવાનું હોય છે. યુદ્ધનો મન સાથેનો ગાઢ સંબંધ પ્રસ્થાપિત કરતાં આ બંને વિધાન મનોયુદ્ધનું એક આધ્યાત્મિકપાસું દર્શાવે છે. આ જ મનોયુદ્ધકે મનોવૈજ્ઞાનિક યુદ્ધ(સાયકોલોજિકલ વૉરફેર) બીજું અને વધુ ખતરનાક પાસું ત્યારે ઉજાગર થાય છે જ્યારે આ જસાયકોલોજિકલવૉરફેરનો ઉપયોગ એક શસ્ત્ર તરીકે શત્રુસામે વપરાય છે. આ વખતે અહીં પણ મનોયુદ્ધના આ બીજા અને વધુ ખતરનાક પાસાની જ વિગતે વાત કરવી છે.

આ રીતે જોઈએ તો એમ કહી શકાય કે સહેજ પણ રક્તપાત કર્યા વિના અથવા તો લઘુતમ રક્તપાત કરીને અને છતાં દુશ્મનને પ્રતિક્રિયા આપવાનો સહેજ પણ મોકો આપ્યા વિના, કહો કે મહદંશે તેને ઊંઘતો જ ઝડપી લઈને યુદ્ધ જીતી લેવા માટે અથવા યુદ્ધનું પાસું પોતાની તરફેણમાં પલટી નાખવા માટે મનોયુદ્ધ અથવા મનોવૈજ્ઞાનિક યુદ્ધ એ લશ્કરી વ્યૂહરચનાનો એક મહત્ત્વપૂર્ણ હિસ્સો છે. વિશ્વનો ઇતિહાસ તપાસીએ તો આવાં સાયકોલોજિકલ વૉરફેર થકીઆખા યુદ્ધ જીતી લેવાયા હોય એવાં અનેક કિસ્સા મળી રહે પણ સરળતા ખાતર અહીં એવાં ટોપ-10 યુદ્ધોની વાત કરી છે જેના વિજયમાં અથવા અણીના સમયે જેનું પાસું પોતાની તરફેણમાંપલટી નાખવામાં સાયકોલોજિકલવૉરફેરની ભૂમિકા મહત્ત્વપૂર્ણ રહી છે.

એ યુદ્ધોની યાદી જોઈએ તો એમાં સૌથી પહેલાં 13મી સદીના મોંગોલિયાના લશ્કરનો ઉલ્લેખ કરવો પડે. મોંગોલિયાના તત્કાલીન સર્વોચ્ચ સેનાપતિ ચંગીઝ ખાનના વડપણ હેઠળ સાયકોલોજિકલવૉરફેરના અસરકારક ઉપયોગ થકી ઘણાં યુદ્ધ જીત્યા અને ઘણા પહેલી નજરે અશક્ય લાગતાવિજય પણ મેળવ્યા. આ મોંગોલ લશ્કર મનોવૈજ્ઞાનિક





યુદ્ધ કઈ રીતે કરતું એ ટૂંકમાં સમજીએ તો તેઓ જ્યાં પણ જતાં ત્યાંસૌપ્રથમ તો સ્થાનિક પ્રજામાં એક ક્રૂર લશ્કર તરીકેની એક અમીટ છાપ ઊભી કરી દેતાં એટલો આતંક મચાવતા હતા. આ ઉપરાંત આ લોકો જ્યાં જતાં ત્યાં ધાક બેસાડવા માટે ત્યાંના એકાદ મુખ્ય

**બૉર્ડર**

**કેપ્ટન શૂરવીર સિંહ**

સ્થળ કે મુખ્ય મથક પર અત્યાચારના સ્તરનું આક્રમણ કરતા હતા. એ ઉપરાંત યુદ્ધની જે-તે સમયની સ્થિતિ અંગે ડરામણી અફવાઓપણ ફેલાવતા રહેતા હતા. આના પરિણામે સામા પક્ષે માનસિક દબાણ એટલું બધું વધી જતું કે તેઓ લગભગ વગર લડ્યે જ શસ્ત્રો હેઠાં મૂકીને શરણાગતિ સ્વીકારી લેતા હતા.

**આ મોંગોલ લશ્કર મનોવૈજ્ઞાનિક યુદ્ધ કઈ રીતે કરતું એ ટૂંકમાં સમજીએ તો તેઓ જ્યાં પણ જતાં ત્યાંસૌપ્રથમ તો સ્થાનિક પ્રજામાં એક ક્રૂર લશ્કર તરીકેની એક અમીટ છાપ ઊભી કરી દેતાં એટલો આતંક મચાવતા હતા. આ ઉપરાંત આ લોકો જ્યાં જતાં ત્યાં ધાક બેસાડવા માટે ત્યાંના એકાદ મુખ્ય સ્થળ કે મુખ્ય મથક પર અત્યાચારના સ્તરનું આક્રમણ કરતા હતા.**

બીજા ક્રમે 16મી સદીના સ્પેનિશ લશ્કરે કરેલાં વિવિધ યુદ્ધ અને હાથ ધરેલાં વિવિધ લશ્કરી અભિયાન આવે છે. આ લશ્કરી અભિયાનો અને યુદ્ધોમાં તે સમયના સ્પેનિશ લશ્કરનું નેતૃત્વહેરનાનકોર્ટ્સનામનો લશ્કરી સેનાપતિકરતો હતો. તેણે આઘાત અને ધાકની નીતિ અપનાવીને તે સમયે અપરિચિત કહેવાય તેવા કેટલાક નવાં શસ્ત્રોનો ઉપયોગ કર્યો હતો. એનું પરિણામ એ આવ્યું કો ઘણા ઓછા સમયમાં સ્પેનેએઝટેક સામ્રાજ્ય પર વિજય મેળવીને તે સમયના વિશ્વમાં પોતાનું મ્યૂહાત્મક સ્થાન મજબૂત કર્યું હતું. આ યાદીમાં ત્રીજા ક્રમે બીજું વિશ્વયુદ્ધ પણ આવે કારણ કે તેમાં સાયકોલોજિકલવૉરફેરનો સૌથી વધુ અને કદાચ સૌથી અસરકારક પણ ઉપયોગ થયો હતો.

ચોથા ક્રમે 1990-91નું ખાડી યુદ્ધ(ગલ્ફ વૉર) પણ આવે જેનો કિસ્સો થોડો અજીબ છે. આ યુદ્ધ દરમ્યાન ગઠબંધનના ખોટા ચોપાનિયાવાયુવેગે એ રીતે ફેલાયા કે ઈરાકી યુદ્ધકેદીઓએસામે ચાલીને બિનશરતી શરણાગતિ સ્વીકારી લીધી હતી. કુલ 87000 ઈરાકી યુદ્ધકેદીઓ પૈકી 17000 ઈરાકી યુદ્ધકેદીઓએ આ રીતે શરણાગતિ સ્વીકારી હતી.

પાંચમા ક્રમે આવે વિયેતનામ વૉર, જેમાં પરસ્પરની ધીરજની કસોટી કરતી મનોવૈજ્ઞાનિક યુદ્ધની વયૂહરચનાઅમેરિકા અને વિયેતનામ બંનેએ અપનાવી હતી, અને જેમાં વિયેતનામ સત્તાવાર રીતે હાર્યા છતાં સૈદ્ધાંતિક રીતે જીત્યું હતું. કારણ કે લાંબું ચાલેલું આ યુદ્ધ અમેરિકા માટે ગળામાં ફસાયેલું હાડકું બની ગયું હતું, જેમાંથી અમેરિકા ઘણું ખુવાર થઈને માંડ બહાર આવ્યું હતું. આ યુદ્ધ અમેરિકાના ઇતિહાસનું એક કાળું છતાં બોધપાઠરૂપ પ્રકરણ ગણાય છે.

આ પાંચ યુદ્ધો ઉપરાંત આ યાદીમાં જેનો માત્ર નામોલ્લેખપણ કરવો પડે એવાં યુદ્ધોમાં પ્રાચીન બેબિલોનનાસામ્રાજ્યનાપતનમાં નિમિત્ત બનેલું યુદ્ધ, 1973માં ઇઝરાયલ અને સિરિયા વચ્ચે થયેલું યોમકિપરયુદ્ધ, સિકંદરના યુદ્ધ અભિયાન અને નજીકના ભૂતકાળમાં અમેરિકા અને રશિયા વચ્ચે પરસ્પરની સર્વોપરીતા પુરવાર કરવા માટે લાંબો સમય ચાલેલાશીતયુદ્ધ કહેતાં કોલ્ડવૉરનો સમાવેશ થાય છે.

# ‘જેલર-2’ એ સાબિત કર્યું કે દર્શકો રજનીકાંતના પ્રેમમાં કેદ છે!

રજનીકાંતે 75 વર્ષની ઉંમરે સાબિત કરી દીધું છે કે ઉંમર માત્ર એક આંકડો છે. જ્યારે સ્ક્રીન પર રજનીકાંત આવે છે ત્યારે બોક્સ ઓફિસની તિજોરીઓના તાળાં આપોઆપ ખુલી જાય છે. કોલીવુડની ફિલ્મ ‘જેલર 2’ માટે ભારતમાં ચાર દિવસના વીકએન્ડમાં રૂ. 200 કરોડની કમાણી કરવી એ કોઈ સામાન્ય વાત નથી. ઘણી ફિલ્મો પહેલા દિવસે મોટો ધડાકો કરીને પછી નીચે બેસી જતી હોય છે, પણ અહીં તો ઊલટું છે! જનતા પર રજનીકાંતનો જાદુ પૂરેપૂરો ચડી ગયો છે. કારણ કે ભારતમાં કોલીવુડની સૌથી વધુ ઓપનિંગ મેળવનારી 5 ફિલ્મોમાં 4 તો રજનીકાંતની છે, અને ‘જેલર 2’ બીજા સ્થાને છે. નેલ્સન નિર્દેશિત અને અનિરુદ્ધના બૅકગ્રાઉન્ડ મ્યુઝિકથી સજ્જ ‘જેલર 2’ એક એવી મસાલેદાર અને એક્શનથી ભરપૂર ફિલ્મ તરીકે ઉભરી આવી છે જે દર્શકોને થિયેટરની સીટ સાથે બાંધી રાખે છે. પહેલા ભાગની અપાર સફળતા બાદ આ સિક્વલ સામે અપેક્ષાઓનો હિમાલય ઊભો હતો પણ આ વખતે નિર્માતાઓએ માત્ર જૂની વાર્તાને ખેંચવાને બદલે એક અલગ જ ઊંચાઈ પર લઈ જવાનો પ્રયાસ કર્યો છે.

**ફિલ્મોગ્રાફ**

**રાકેશ ઠક્કર**

પ્રથમ ભાગમાં જ્યાં કૌટુંબિક લાગણીઓ અને સરપ્રાઇઝ ટ્વિસ્ટ પર વધુ ભાર હતો ત્યાં બીજા ભાગમાં સુપરસ્ટાર રજનીકાંતનો અસલી માસ અવતાર, હાઈ-વોલ્ટેજ એક્શન અને જબરદસ્ત માઇન્ડ ગેમ્સનો તડકો લગાવવામાં આવ્યો છે. ફિલ્મનો પહેલો ભાગ ડ્રામા, સસ્પેન્સ, એક્શન અને નેલ્સનના ટ્રેડમાર્ક જેવા ડાર્ક હ્યુમરનું શ્રેષ્ઠ મિશ્રણ પૂરું પાડે છે. આ વખતે માત્ર નાયક જ નહીં પરંતુ ખલનાયકોના પાત્રોને પણ ખૂબ જ ઊંડાણ અને મજબૂતી સાથે વણવામાં આવ્યા છે. મહિલા કલાકારોના પાવરફુલ રોલ અને વાર્તામાં તેમનું યોગદાન ફિલ્મને વધુ રસપ્રદ બનાવે છે. અભિનયની દ્રષ્ટિએ રજનીકાંતનો જે સ્વૈગ, ઓરા અને પડદા પરનો પાવર જોવા મળે છે તે અદભુત છે. ક્યારેક ગંભીર માસ્ટરમાઈન્ડ તો ક્યારેક રમુજી અંદાજમાં છે. તે ઉપરાંત એસ. જે. સૂર્યા, વિદ્યા બાલન અને મિથુન ચક્રવર્તી જેવા કલાકારોની હાજરીથી સ્ક્રીન વધુ જીવંત બને છે. મોહનલાલ જેવા દિગ્ગજનો વિશિષ્ટ રોલ હોય કે પછી ઉત્તરાર્ધમાં આવતા આંચકાજનક કેમિયો, આ બધું જ દર્શકો માટે પૈસા વસૂલ મનોરંજન સાબિત થાય છે. જોકે આવી ભવ્યતા વચ્ચે ‘જેલર 2’ માં કેટલીક ખામીઓ ઉડીને આંખે વળગે એવી પણ છે. પ્રથમ ભાગની સરખામણીએ સંગીત થોડું નબળું લાગે છે. કેટલીક જગ્યાએ વાર્તા થોડી અનુમાનિત બની જાય છે અને અમુક કલાકારોની એક્ટિંગ પુનરાવર્તિત લાગે છે. આ સિવાય ફિલ્મના માર્કેટિંગ અને હિંદી ડબિંગમાં થયેલી બેદરકારીને કારણે આટલી ઉત્કૃષ્ટ એક્શન-થ્રિલર ફિલ્મ જે વ્યાપક પાયા પર દર્શકો સુધી પહોંચવી જોઈતી હતી તેમાં થોડી કચાશ રહી ગઈ છે. છતાં તમામ નાના-મોટા

**પડદા પર રજનીકાંતનો ભવ્ય અંદાજ અને નેલ્સનની બુદ્ધિપૂર્વકની સ્ટોરીટેલિંગ આ ફિલ્મને એક સંતોષકારક અને ધમાકેદાર સિનેમેટિક અનુભવ બનાવી દે છે**

ગેરફાયદાઓને બાજુ પર રાખીએ તો ‘જેલર 2’ એ સિનેમાપ્રેમીઓ અને ખાસ કરીને માસ-એન્ટરટેઈનર ફિલ્મોના શોખીનો માટે એક શાનદાર નજરાણું છે. પડદા પર રજનીકાંતનો ભવ્ય અંદાજ અને નેલ્સનની બુદ્ધિપૂર્વકની સ્ટોરીટેલિંગ આ ફિલ્મને એક સંતોષકારક અને ધમાકેદાર સિનેમેટિક અનુભવ બનાવી દે છે. ‘જેલર 2’ સાથે રજૂ થયેલી રાજકુમાર રાવની ‘પ્રહાર’ વચ્ચેનો મુકાબલો ભારતીય સિનેમાના બે સાવ વિપરીત પ્રવાહો દર્શાવે છે. એક તરફ દક્ષિણનો પ્યોર માસ એન્ટરટેઈનર ધડાકો છે, તો બીજી તરફ બોલિવૂડનો સંવેદનશીલ અને ગંભીર કોર્ટરૂમ ડ્રામા છે. ‘પ્રહાર’ ની ખરી તાકાત તેના પાત્રો અને ઉત્કૃષ્ટ અભિનયમાં છુપાયેલી છે. બાયોપિક ફિલ્મોના માસ્ટર ગણાતા રાજકુમાર રાવે ઉજ્જવલ નિકમની ચાલવા-બોલવાની શૈલી અને તેમના આત્મવિશ્વાસને ખૂબ જ સહજતાથી પડદા પર ઉતાર્યા છે. પોતાની વ્યાવસાયિક ફરજ અને દેશ પ્રત્યેની જવાબદારી વચ્ચે ઝૂલતા કાનૂનવિદના રોલમાં તે સંપૂર્ણપણે લીન દેખાય છે. આ ફિલ્મમાં અસલી સરપ્રાઈઝ પેકેજ અને સૌથી ભયાનક પાત્ર અજમલ કસાબનો રોલ કરનાર કલાકાર લલિત પ્રભાકર છે. તેણે આ શેતાની પાત્રમાં જે તીવ્રતા, ઠંડક અને આંખોમાં ક્રૂરતા દર્શાવી છે તે જોઈને પ્રેક્ષકોના રૂવાડાં ઊભાં થઈ જાય છે. રાજકુમાર રાવ અને લલિત પ્રભાકર વચ્ચેનો અદાલતી આમનો-સામનો એ સિનેમાનો શ્રેષ્ઠ ફેસ-ઓફ બની રહે છે. જે દર્શકોને ઈમોશનલી હચમચાવી મૂકે છે. ‘જેલર 2’ પોતાના સ્ટાર પાવરથી મલ્ટિ-કરોડનો રેકોર્ડ બનાવશે તો બીજી તરફ 26/11ના કસાબ કેસ અને ઉજ્જવલ નિકમની બાયોપિક પર આધારિત ‘પ્રહાર’ પોતાના ઓછા બજેટ અને મજબૂત કન્ટેન્ટના બળે બોક્સ ઓફિસ પર એક સફળ અને નફાકારક ફિલ્મ તરીકે ઉભરી આવશે. નવાઈની વાત એ છે કે ત્રીજી યામી ગૌતમની મહિલા કેન્દ્રિત ફિલ્મ ‘નઈ નવેલી’ એ વીક એન્ડમાં રૂ.12 કરોડ મેળવ્યા હોવા છતાં તેની ખાસ નોંધ લેવાઈ નથી. તેનું એક કારણ એ છે કે યામીની કારકિર્દીની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મોમાં તે 10 મા સ્થાને રહી છે. એ માનવું પડશે કે યામી ગૌતમની સ્ક્રિપ્ટ પસંદ કરવાની રીત એટલી અદભુત છે કે તે મોટા મોટા સુપરસ્ટાર્સ માટે એક મિશાલ સમાન છે. થિયેટરમાં સામાન્ય રીતે હીરોની એન્ટ્રી ઉજવાતી હોય છે પણ પુરુષ કલાકારોની સામે એક હિરોઈનની આવી સશક્ત અને દમદાર સ્ક્રીન પ્રસ્તુતિ પહેલીવાર જોવા મળી છે.




**ઓટોગ્રાફ!**

**‘જેલર 2’ માં કેમિયો એટલા બધા છે કે પ્રેક્ષકો વિચારમાં પડી જાય છે કે ફિલ્મ ચાલે છે કે પછી કોઈ ‘સુપરસ્ટાર એવોર્ડ શો!’**

# માણસની જાતીયતા વીજળીના વાયર જેવી ગણાય..!

દોસ્તો, માણસની જાતીયતા વીજળીના વાયરની મધ્યેથી પસાર થતા તાંબાના તાર જેવી છે. એ તાર ખુલ્લા રહે તો અનેક અકસ્માતો સર્જાઈ શકે, એથી એને પ્લાસ્ટિકના વાયરથી કવર કરવામાં આવે છે. માણસની જાતીયતાને પણ કુદરતે શરમ સંકોચની લાગણીથી (ઈન્સ્યુલેટ) કરી છે. કોઈ પણ સ્વરૂપે થતું નગ્નતાનું જાહેર પ્રદર્શન ખુલ્લા વીજળીના તાર જેવું જોખમી હોય છે. મુંબઈમાં “સીરોક્કો” નામની નગ્ન ફિલ્મ જોઈ વિહ્વળ બનેલા બે કોલેજિયનોએ એક કોલેજની છોકરી પર બળાત્કાર કર્યો હતો. વર્ષો પૂર્વે બ્રિટનના હિથ્રો વિમાની મથકે એક કપલ ધોળે દિવસે જાહેરમાં રતિક્રીડામાં પરોવાયું હતું.

**એ તાર ખુલ્લા રહે તો અનેક અકસ્માતો સર્જાઈ શકે, એથી એને પ્લાસ્ટિકના વાયરથી કવર કરવામાં આવે છે**

કુદરતે બક્ષેલી જાતીયતાના ગુણધર્મો માણસે બારીકાઈથી સમજવા જોઈએ. એમાં પરસ્પરથી વિરોધી એવાં બે પરિબળો જોવા મળે છે. જાહેરમાં કોઈ ગાંડી સ્ત્રી નગ્ન ફરતી હોય તો લોકો તુરત તેને વસ્ત્રો આપે છે. કેમકે નગ્નતા એ ગાંડી સ્ત્રી કરતાં સમાજની સમસ્યા વધુ છે. બાળક નાનુ હોય ત્યાં સુધી નગ્ન હાલતમાં ફરે છે. પરંતુ થોડું સમજણુ થાય એટલે વસ્ત્રોનું આગ્રહી બની જાય છે. બીજી તરફ જાહેરમાં નગ્નતા જોવાનું પસંદ ન કરતો માણસ બંધ બારણે નગ્નતાનો પૂરો ચાહક રહ્યો છે. એ ચાહત જોર પકડે ત્યારે કરોડો બ્લુફિલ્મોનું સર્જન થાય છે. અમેરિકા અને સિંગાપોરના દરિયા કિનારે હજારોની સંખ્યામાં લોકો સાવ નગ્ન બની દરિયાની મોજ માણે છે. પરંતુ એ લોકો જાહેર માર્ગ પર કદી નગ્ન ઘુમવાનું પસંદ કરતાં નથી. નગ્નતા પ્રત્યેનું માણસનું આકર્ષણ કન્ડિશનલ છે. એમ કહો કે માણસની જાતીય અભિરૂચિ તીખી મીઠી ચોકલેટ જેવી હોય છે. કુદરતે એ વિરોધાભાસ સહેતુક રચ્યો છે. દક્ષિણ ગુજરાતમાં (ગામઠી ભાષામાં) એક કહેવત પ્રચલિત છે. મચ્છી ખાઈને હાડકાં કોટે ન બંધાય..! અર્થાત્ જાતીય આનંદ પામવાની ચીજ છે- પ્રચારવાની નહીં..! દોસ્તો, માનવીનું મનોવલણ કુદરતી રીતે જ નગ્નતા વિરોધી છે. એથી એવી ફિલ્મોનું જાહેર પ્રદર્શન પ્રતિબંધિત જ હોવું ઘટે. હા, એવી છૂટ આપી શકાય કે એવી ફિલ્મો કેવળ પરીણિત કપલો જ બંધ બારણે જોઈ શકે. પરંતુ એ શક્ય નથી. એકવાર ફિલ્મ બને પછી તે બધાં જ જુએ છે. બચુભાઈ કહે છે: ‘નગ્ન ફિલ્મો કેવળ પરિણીત માણસો જ જુએ એવી અપેક્ષા રાખવી એટલે વરસાદ કેવળ ખેતરમાં જ પડે એવું ઈચ્છવા બરાબર ગણાય!’

બીજો પ્રશ્ન એ થાય છે - સેક્સની ફિલ્મો બનાવવામાં જ કેમ આવે છે? કલાના ઓઠા હેઠળ માનવીના જાતીય આકર્ષણને એન્કેશ કરીને તિજોરી ભરી લેવા સિવાય અન્ય કોઈ હેતુ હોય છે ખરો? કહો જોઉં



આજ સુધીમાં સેક્સની ફિલ્મોથી સમાજની કઈ જાતીય સમસ્યા હલ થઈ શકી? (ને એમાં કલાય વળી ક્યાં આવી?) સેક્સને બેડરૂમમાંથી બોલિવુડમાં લઈ જવાનો આખેઆખો પ્રયત્ન જ અસામાજિક છે. ‘ફાયર’ ફિલ્મને દીલીપ કુમાર સહિતના મોટા ફિલ્મી મહારથીઓએ ચાર હાથે આવકારી તે જાણ્યા બાદ એમ કહેવાનું મન થાય છે. સમલૈંગિક જાતીય વ્યવહાર એ માનવીની સદીઓ જૂની સમસ્યા છે. કલાને નામે જો તેને આવકારી શકાતી હોય તો સ્ત્રીપુરૂષનો તંદુરસ્ત જાતીય સમાગમ એ તો માનવીનો કલાત્મક સબંધ છે. એનો વિરોધ શા માટે? આ તો વાલ ખવાયને વાલની દાળ ન ખવાય એવી અબૌદ્ધિ’ક પરહેજી છે!

“ફાયર” ફિલ્મના ચિંતન તુલ્ય મુદ્દા વિષે વિચારીએ. એમાં જાતીય અતૃપ્તીથી પીડાતી બે સ્ત્રીઓ સમલૈંગિક સબંધો બાંધી બેસે છે. પણ એ કોઈ નવી સમસ્યા છે જ નહીં. સદીઓથી એવાં અતૃપ્ત માણસો સબંધોના છાને ખૂણે એવાં આછાપાતળા ઉપાયો અજમાવતા રહ્યા છે. આજે ય શોધવા નીકળીએ તો સમાજમાંથી એવાં અનેક ઉદાહરણો મળી રહે, જેમાં બે સજાતીય પાત્રો ભોજનની ભૂખ પાણીથી સંતોષવાની કોશિષ કરતાં હોય છે. આપણો વિરોધ તંદુરસ્ત જાતીયતા સામે નહીં- તેના ધંધાકીય પ્રદર્શન સામે છે. એક ફિલ્મીગીતની પંક્તિમાં કહેવાયું છે: ‘હમકો બરબાદીકા કોઈ ગમ નહીં... ગમ હૈ બરબાદીકા ક્યું ચર્ચા હુઆ..?’ અલબત્ત જાતીય જ્ઞાન આપવાના અમે વિરોધી નથી. યુવાનોને જાતીય જ્ઞાન મળે તે જરૂરી પણ છે. પરંતુ જાતીયતાનું કેવળ અર્થલક્ષી પ્રદર્શન માનવ સમાજના હિતમાં હોય એમ જણાતું નથી. માનવી ભલે આવડ્યા તેવા ઉપાયો અજમાવી પોતાની ઈચ્છાઓની પૂર્તિ કરતો રહે પણ એવી ફિલ્મો જોઈ નાહક અસામાજિક તત્વોનો ઉશ્કેરાટ વધે છે. અને તેના માઠા ફળ છેવટે તો સમાજે જ ભોગવવા પડે છે. પેલા ફિલ્મ નિર્માતાઓ તો મદારીની જેમ પૈસા બટોરી તેમના એરકન્ડિશન્ડ રૂમમાં નિરાંતે સૂતા હોય છે. તેમનું કશું બગડતું નથી.

**જીવન સરિતાને તીરે**

**દિનેશ પાંચાલ**

તા ત્પર્ય એટલું જ કે સેક્સ અને તેને લગતી સમસ્યાઓ કુદરતી રીતે જ ગોપનીય ઘટના છે. જેમ શયનખંડના સ્નેહસંવનનો શેરી વચાળે શોભતાં નથી તેમ આવી વાતો જાહેરમાં શોભતી નથી. બહુ બહુ તો એ જાંઘના જખમો ડૉક્ટર હકીમને બતાવી શકાય, બાકી તેની ફિલ્મો બનાવી પૈસા કમાવા એટલે કોઈના સળગતા ઝૂંપડામાં આપણો હાથ શેકવા જેવી વાત ગણાય..!

**ધૂપછાંવ**

**એવી ફિલ્મોથી માત્ર પૈસા કમાઈ શકાય છે- ઉપાયો ક્યારેય હાથ લાગતાં નથી.**